માર્ગ સલામતીને હાઈવે પ્રોજેક્ટ ડિઝાઈનમાં સાંકળવી આવશ્યક : ગડકરી

રાજપીપળા,તા.૫

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ નર્મદા જિલ્લાના એકતા નગર, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટેન્ટ સિટી ૨માં ''ચિંતન શિબિર ૨૦૨૬ – હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર રાષ્ટ્રીય સંમેલન'' નું ઉદ્ઘાટન કર્યું હતું.

ઉદ્ઘાટન સત્રને સંબોધતા ગડકરીએ જણાવ્યું હતું કે, ચિંતન શિબિર કેન્દ્ર અને રાજ્યોને સાથે મળીને વિચારવા, ક્ષેત્ર-સ્તરના અનુભવો શેર કરવા અને હાઈવે વિકાસમાં ઉભરતા પડકારો માટે વ્યાવહારિક ઉકેલો તરફ સાથે મળીને કામ કરવા માટે એક મહત્વપૂર્ણ મંચ પૂરો પાડે છે.હાઈવે વિકાસ ગુણવત્તા, સુરક્ષા, ઝડપ અને વિશ્વસ્તરીય ધોરણો પર ધ્યાન કેન્દ્રિત કરતો હોવો જોઈએ.માર્ગ સલામતીને શરૂઆતથી જ હાઈવે આયોજન અને પ્રોજેક્ટ ડિઝાઈનમાં સાંકળવી આવશ્યક છે.અકસ્માત સંભવિત સ્થળોની ઓળખ અને આયોજન અને બાંધકામના તબક્કા દરમિયાન યોગ્ય સુરક્ષા હસ્તક્ષેપોનો સમાવેશ વધુ સુરક્ષિત હાઈવે અને માર્ગ અકસ્માતોમાં ઘટાડો કરવા માટે યોગદાન આપી શકે છે.આધુનિક હાઈવે એ શહેરો, નગરો, બંદરો, બજારો અને ઔદ્યોગિક કેન્દ્રો વચ્ચે અવિરત કનેક્ટિવિટી પૂરી પાડવી જોઈએ.સુધારેલી કનેક્ટિવિટી વેપાર, રોકાણ, રોજગાર અને એકંદર આર્થિક પ્રવૃત્તિને ટેકો આપે છે. મંત્રીએ ગુણવત્તા સુધારવા અને બાંધકામ તેમજ જાળવણી ખર્ચ ઘટાડવા માટે નવી ટેકનોલોજી, નવીન બાંધકામ પદ્ધતિઓ અને ખર્ચ-અસરકારક સામગ્રીને વ્યાપકપણે અપનાવવા માટે પણ હાકલ કરી હતી.ગડકરીએ પર્યાવરણ અને વન્યજીવ સંરક્ષણ માટે યોગ્ય પગલાં સુનિશ્ચિત કરવાની સાથે પર્યાવરણ-અનુકૂળ બાંધકામ પદ્ધતિઓ અને નવીન તેમજ રિસાયકલ કરેલી સામગ્રીના વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.આ સંદર્ભમાં, ઉદ્ઘાટન સત્ર દરમિયાન 'એન્વાયર્નમેન્ટ અને વાઈલ્ડલાઈફ મિટિગેશન મેઝર્સ' પર એક દસ્તાવેજ લોન્ચ કરવામાં આવ્યો હતો. આ સત્ર દરમિયાન 'પર્સપેક્ટિવ્સ ઈન સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ' પર બ્રિક્સ કમ્પિલિશન પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.ગડકરીએ તમામ હિતધારકોને વિકસિત ભારતના વિઝનને અનુરૂપ ઝડપી આર્થિક વૃદ્ધિ અને મજબૂત કનેક્ટિવિટીમાં યોગદાન આપતા વધુ સુરક્ષિત, ઉચ્ચ ગુણવત્તાવાળા અને ભવિષ્ય માટે સજ્જ હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ સામૂહિક રીતે કામ કરવા માટે આહ્વાન કર્યું હતું.

ખોવાયેલ છે

હું ડૉ. આયુષ કેતુલ પોથીવાલા તા. ૨૫-૯-૨૬, શુક્રવારના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૧.૦૦ વાગ્યાની વચ્ચે જયરત્ન બિલ્ડીંગ ચાર રસ્તા થી બરોડા સ્કુલ, બગીખાના જતો હતો તે સમયે મારુ ગુજરાત મેડીકલ કાઉન્સીલ નું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ક્રમાંક G-98171 અને અન્ય દસ્તાવેજો ભરેલી ભુરા કલરની બેગ ખોવાઈ ગયેલ છે. જો કોઈને મળે તો કૃપા કરી નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી.

ડૉ. આયુષ કેતુલ પોથીવાલા
7779014777

નામ બદલેલ છે

મારું જૂનું નામ આબેદિન ફખરુદ્દીન તોફાફારોશવાલા હતું અને નવું નામ આબેદિન ફખરુદ્દીન તોહફાફારોસ કર્યું છે.

સરનામું : એ-૩૦૯, બોરસલી અપાર્ટમેન્ટ, આજવા રોડ-વડોદરા.

બૈंक ऑफ़ बड़ौदा Bank of Baroda

રીજનલ ઓફિસ, બરોડા સિટી રીજીયન,
પાંચમો માળ, સુરજ પ્લાઝા-III, સયાજીગંજ,
બરોડા - ૩૯૦૦૨૦, ગુજરાત. મો. ૯૪૨૭૫૬૪૨૪૪

પરિશિષ્ટ – ૧૩ સંક્ષિપ્ત વાહન ઈ-હરાજીની સૂચના

આથી જાહેર જનતાને અને ખાસ કરીને દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને સૂચના આપવામાં આવે છે કે બેંકે પક્ષકારો દ્વારા અમલમાં મુકાયેલા ગીરો/લોન કરાર હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે દર્શાવેલ ગીરો વ્હીકલ વાહનને પાછું મેળવ્યું/જપ્ત કર્યું છે અને વાહન નીચે દર્શાવેલ ખાતા/ખાતાઓમાં બાકી રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં છે", "જેમ છે તેમ છે", અને "જે કંઈ છે તે"** ના આધારે વેચવામાં આવશે. દેવાદાર/રો/જામીનદાર/રો/વાહન/કુલ બાકી રકમ/રિઝર્વ કિંમત/ઈ-હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બિડ વધારાની રકમની વિગતો નીચે દર્શાવેલ છે -

ક્ર. સં.	દેવાદારનું નામ અને સરનામું	કુલ બાકી ૩૦.૦૯.૨૦૨૬ મુજબ + અન્ય ચાર્જીસ	વાહન બનાવટ અને મોડલ આરટીઓ રજી. નં.	૧. વાહનની રીઝર્વ કિંમત ૨. ઈએમડી અને ૩. બીડ વધારા રકમ	સંપર્ક વ્યક્તિ
1	**શ્રી રાજા જનક જોષી** સરનામું : બી-૧૦૨, અંબે રેસીડેન્સી, મેરીલેન્ડ પાર્ટી પ્લોટ પાસે, સમા, વડોદરા, જીજે - ૩૯૦૦૦૮.	રૂા. ૫.૮૧ લાખ + વ્યાજ અને અન્ય ચાર્જીસને આધીન	Mahindra & Mahindra XUV 500 (Diesel) Approx. Colour: Arctic White Reg No GJ-06-PD-5057	૧. રૂા. ૨,૫૬,૦૦૦/- ૨. રૂા. ૨૫,૬૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/-	શ્રી મુકેશ કુમાર મો. : ૯૯૭૯૮૪૬૨૦૨
2	**શ્રીમતી સોનલબેન પટેલ** સરનામું : ૬-એ, રીલીફ પાર્ક સોસા., નિલકમલ સોસા. સામે, નિઝામપુરા, વડોદરા, જીજે ૩૯૦૦૦૨	રૂા. ૭.૮૪ લાખ + વ્યાજ અને અન્ય ચાર્જીસને આધીન	Maruti Suzuki India Ltd., BALENO ZETA (AUTOMATIC) PETROL Colour: METALIC PREMIUM SILVER Reg No GJ-06-PC-7978	૧. રૂા. ૨,૪૦,૦૦૦/- ૨. રૂા. ૨૪,૦૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/-	શ્રીમતી ભોસલે વર્ષા વિલાસ મો. : ૯૬૮૭૬૮૯૧૨૪

- **ઈ-હરાજી ની તારીખ અને સમય : ૨૮-૧૦-૨૦૨૬, બપોરે ૦૨:૦૦ થી સાંજના ૦૬:૦૦ સુધી**
- **વાહન નિરિક્ષણની તારીખ અને સમય : ૨૬-૧૦-૨૦૨૬ બપોરે ૧૨:૦૦ થી સાંજના ૦૫:૦૦ કલાક સુધી**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને વેબસાઇટ લિંક **https://www.bankofbaroda.bank.in/e-auction** અને ઓનલાઇન હરાજી પોર્ટલ **https://baanknet.com** નો સંદર્ભ લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ **શ્રી વિપિન જૈન (સીનિયર મેનેજર) મોબાઈલ નંબરઃ ૬૩૫૭૦૧૪૦૦૫ / ૯૪૨૭૫૬૪૨૪૪ નો સંપર્ક કરી શકે છે - સ્થળઃ ઓક્શન ફેસિલિટેશન સેન્ટર, ચોથો માળ, ROSARB, સુરજ પ્લાઝા-૩, સયાજીગંજ, વડોદરા.**

તા.: ૦૬.૧૦.૨૦૨૬, સ્થળ : વડોદરા — નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી/શાખા હેડ, બેંક ઓફ બરોડા

પશ્ચિમ રેલવે પ્રતાપનગર ⇄ ચાર્લપલ્લી વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવશે

ટ્રેન નંબર	મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન	સેવા ના દિવસો	પ્રસ્થાન	આગમન
૦૭૦૮૮	પ્રતાપનગર - ચાર્લપલ્લી	૧૧,૧૮,૨૫ ઓક્ટોબર ૨૦૨૬ ૧,૮,૧૫,૨૯ નવેમ્બર ૨૦૨૬	૧૯:૫૦ કલાકે (રવિવાર)	૨૦:૩૦ કલાક (બીજો દિવસ)
૦૭૦૮૭	ચાર્લપલ્લી - પ્રતાપનગર	૧૦,૧૭,૨૪,૩૧ ઓક્ટોબર ૨૦૨૬ ૭,૧૪,૨૮ નવેમ્બર ૨૦૨૬	૧૬:૦૦ કલાકે (શનિવાર)	૧૭:૫૦ કલાક (બીજો દિવસ)

રોકાણ : ભરૂચ, સુરત, વલસાડ, વાપી, પાલઘર, વસઈ રોડ, કલ્યાણ, લોનાવાલા, પુણે, દાઉન્ડ, સોલાપુર, વાડી, સેદામ, તંદુર, વિકરાબાદ, લિંગમપલ્લી, બેગમપેટ અને સિકંદરાબાદ સ્ટેશન બંને દિશામાં.

રચના : એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ.

માર્ગમાં આવતા સ્ટેશનોના સમય, રોકાણ અને ટ્રેનની રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે.

ટ્રેન નંબર ૦૭૦૮૮ માટેનું બુકિંગ **૦૬.૧૦.૨૦૨૬**થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેન વિશેષ ભાડા સાથે 'સ્પેશિયલ ટ્રેન' તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in

અમને લાઈક કરો અને અમને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટો માટે મૂળ ઓળખપત્ર સાથે રાખો.

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

An ISO 9001, ISO 14001, ISO 45001 & ISO 50001 Certified Company
રજીસ્ટર્ડ ઓફિસ : પો.ઓ. નર્મદાનગર - ૩૯૨ ૦૧૫, જિલ્લો : ભરૂચ ,ગુજરાત, ભારત
CIN: L24110GJ1976PLC002903, E-mail: investor@gnfc.in Website: www.gnfc.in

પોસ્ટલ બેલેટ તથા ઈ-વોટીંગ અંગેની નિવિદા (નોટીસ)

આથી નોટીસ દ્વારા કંપનીના સભાસદોને જાણ કરવામાં આવે છે કે, કંપની ધારા-2013 (અધિનિયમ)ની કલમ 108, 110 અને અનય લાગુ પડતી જોગવાઈઓ, જો કોઈ હોય તો (જેમાં વખતોવખત કરવામાં આવેલ સુધારાઓ તેમજ પુનઃઅધિનિયમ સહિત), કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રૂલ્સ, 2014ના (રૂલ્સ) 20 અને 22 તેમજ સીક્યુરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 (સેબી લિસ્ટિંગ રેગ્યુલેશન્સ) 44ના નિયમ સાથે વાંચતાં, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલ સામાન્ય સભાઓ પરના સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ (SS-2)માં કરવામાં આવેલ સુધારાઓ અને સામાન્ય સભાઓ યોજવા તથા પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવા માટે કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા નિયત કરવામાં આવેલ માર્ગદર્શિકાઓ અનુસાર ("MCA Circulars"), તેઓ રીમોટ ઈલેક્ટ્રોનિક વોટીંગ (રીમોટ ઈ- વોટીંગ) દ્વારા પોસ્ટલ બેલેટ દ્વારા સામાન્ય ઠરાવ પસાર કરી શકે છે.

સામાન્ય ઠરાવની વિગત
શ્રી સંજીવ કુમાર, IAS (DIN: 03600655)ની કંપનીના ડિરેક્ટર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવા બાબત.

કંપનીના સભાસદોને આથી જાણ કરવામાં આવે છે કે:

1. કંપનીએ સભાસદોને ઈ-મેઈલ દ્વારા નિવિદા મોકલવાની કામગીરી સોમવાર, તા. 05મી ઓક્ટોબર, 2026 ના રોજ પૂર્ણ કરેલ છે.
2. આ નિવિદા કંપનીની વેબસાઈટ www.gnfc.in, સ્ટોક એક્સચેન્જ એટલે કે બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિ.ની વેબસાઈટ www.nseindia.com ઉપર તથા રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ KFin Technologies Limited (KFin) ની વેબસાઈટ https://evoting.kfintech.com ઉપર પણ ઉપલબ્ધ છે.
3. રીમોટ ઈ-વોટીંગની પાત્રતા સુનિશ્ચિત કરવાના હેતુસર ગુરુવાર, તા. 01લી ઓક્ટોબર, 2026ને "મુકરર (નિયત) તારીખ/કટ-ઓફ ડેટ" તરીકે નિયત કરવામાં આવેલ છે. સદર મુકરર તારીખે જે સભાસદોના નામ કંપનીના સભાસદોના રજિસ્ટરમાં/બેનિફીસીયલ ઓનર લીસમાં હશે તેઓ જ પોસ્ટલ બેલોટ દ્વારા રીમોટ ઈ-વોટિંગ મારફતે મત આપવા માટે પાત્ર રહેશે.
4. કૃપયા નોંધ લેશો કે સભાસદોને નોટિસની હાર્ડ કોપી, પોસ્ટલ બેલોટ ફોર્મ અને પ્રીપેઈડ બીઝનેસ રીપ્લાય કવર મોકલવામાં આવેલ નથી તેથી સભાસદોએ તેમની સહમતિ અથવા અસહમતિ માત્ર રીમોટ ઈ-વોટિંગ દ્વારા જ જણાવવાની રહેશે. કંપનીએ સભાસદોને રીમોટ ઈ-વોટિંગની સેવા પૂરી પાડવાના હેતુસર KFin ની સેવાઓ લીધેલ છે.
5. રીમોટ ઈ-વોટીંગની વિગતવાર પ્રક્રિયા અને સૂચના પોસ્ટલ બેલેટની નિવિદા માં દર્શાવેલ છે.
6. રીમોટ ઈ-વોટીંગની સુવિધા નીચે જણાવેલ તારીખ અને સમય દરમિયાન ઉપલબ્ધ રહેશે :

રીમોટ ઈ-વોટીંગની શરૂઆતઃ	બુધવાર, તા. 07મી ઓક્ટોબર, 2026ના રોજ સવારે 9:00 કલાકે (IST)
રીમોટ ઈ-વોટીંગની સમાપ્તિઃ	ગુરુવાર, તા. 05મી નવેમ્બર, 2026ના રોજ સાંજે 5:00 કલાકે (IST)

ઉપરોક્ત તારીખ અને સમયગાળો પૂર્ણ થયા બાદ રીમોટ ઈ-વોટીંગ થઈ શકશે નહિ અને સમયગાળો પૂર્ણ થતાં, રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ KFin દ્વારા બંધ કરવામાં આવશે. એક વખત મતદાન કર્યા બાદ સભાસદને તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

7. ઈ-મેઈલ સરનામા (E-mail ID) ની નોંધણી/અપડેટ કરવાની રીતઃ

ફીઝીકલ સ્વરૂપે શેર ધરાવતા સભાસદો માટે	જેમણે પોતાનું ઈ-મેઈલ સરનામું કંપનીમાં નોંધાવેલ/અપડેટ કરાવેલ નથી તેઓને તેમના ઈ-મેઈલ સરનામાની અને અન્ય KYC વિગતો (આવકવેરા PAN નંબર, PIN નંબર સાથેનું સરનામું, મોબાઈલ નંબર, બેંક ખાતાની માહિતી વગેરે) નિયત કરવામાં આવેલ ફોર્મ ISR-1 અને ISR-2માં કંપનીના RTA સમક્ષ રજૂ કરવા વિનંતી છે.
ડિમેટ સ્વરૂપે શેર ધરાવતા સભાસદો માટે	જેમણે પોતાનું ઈ-મેઈલ સરનામું તેમના ડિપોઝિટરી પાર્ટિસીપન્ટ (ડી.પી.) પાસે નોંધાવેલ/અપડેટ કરાવેલ નથી તેઓને તેમના ડી.પી. પાસે પોતાના ઈ-મેઈલ સરનામાની વિગતો નોંધાવવા/અપડેટ કરાવવા વિનંતી છે.

8. કંપનીએ સમગ્ર ઈ-વોટીંગ પ્રક્રિયા નિષ્પક્ષ અને પારદર્શી રીતે કરવા માટે CS જે . જે. ગાંધી, પ્રેક્ટિસિંગ કંપની સેક્રેટરી (FCS 3519 અને CP નં. 2515)ની સ્ક્રુટીનાઈઝર તરીકે નિમણૂક કરેલ છે. મતદાન અંગે સ્ક્રુટીનાઈઝરનો નિર્ણય અંતિમ તેમજ બંધનકર્તા રહેશે.
9. સ્ક્રુટિનાઈઝરના રિપોર્ટ સહિત જાહેર કરાયેલ પરિણામ, કંપનીના ચેરમેન અથવા અધિકૃત વ્યક્તિ દ્વારા સત્તાવાર જાહેરાત થયા બાદ તરત જ કંપનીની વેબસાઈટ www.gnfc.in અને KFin ની વેબસાઈટ https://evoting.kfintech.com ઉપર મૂકવામાં આવશે તથા કંપનીના શેરો જ્યાં નોંધાયેલ છે તેવા સ્ટોક એક્સચેન્જોને તેની જાણકારી આપવામાં આવશે.
10. ઈ-વોટીંગ અંગે કોઈપણ સમસ્યા હોય તો સભાસદો, તે માટે KFin ની વેબસાઈટ https://evoting.kfintech.com ના "ડાઉનલોડ"વિભાગના મેનુમાં, "HELP" અને "FAQs" માર્ગદર્શિકાની મદદ લઈ શકે છે અથવા તો નીચે જણાવેલ સરનામે KFin નો સંપર્ક સાધી શકે છે.

કેફીન ટેકનોલોજીસ લિમિટેડ,
સેલેનીયમ, પ્લોટ નં.31 અને 32, ટાવર-બી, ફાયનાન્સીઅલ ડિસ્ટ્રીક્ટ, નાનકરામગુડા,
સેરીલીંગમપલ્લી મંડળ, હૈદરાબાદ-500 032
ટોલ ફ્રી નં. 1800-309-4001
(તમામ કામકાજના દિવસો દરમિયાન સવારે 9.00 વાગ્યા (IST) થી સાંજે 6.00 વાગ્યા (IST) સુધી)

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ વતી,
સહી/-
રાજેશ પિલ્લાઇ
કંપની સેક્રેટરી અને કૉમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળ : ભરૂચ
તારીખ : 06મી ઓક્ટોબર, 2026

વિદ્યાસહાયક (ધો.૧ થી ૮) / શિક્ષણસહાયક (ધો.૯ થી ૧૨) (દિવ્યાંગ) જોઈએ છે. (બીજો પ્રયત્ન)

આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર અનુદાનિત અને સંસ્થા **શ્રી પંચમહાલ કેળવણી મંડળ, કાલોલ સંચાલિત** નીચે દર્શાવ્યા મુજબની **આશ્રમશાળા /ઉ.બુ. આશ્રમ શાળા, ઉ. ઉ.બુ. આશ્રમશાળાઓમાં** દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત **વિદ્યા સહાયકો(ધો.૧ થી ૮)/શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)** ની જગ્યા પર દિવ્યાંગજનોની સીધી ભરતી માટે પ્રાયોજના વહીવટદારશ્રી, મુ.ગોધરા, જિ.પંચમહાલ દ્વારા તેઓના પત્ર ક્રમાંક : (૧) આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/ ૨૦૨૬-૨૭/ ૧૧૮૧ થી ૧૧૮૪, તા.૦૪/૦૮/૨૦૨૬ (૨) આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૮૫ થી ૧૧૮૮ તા.૦૪/૦૮/૨૦૨૬ (૩) આવિ/આશા /NOC/ ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૮૯ થી ૧૧૯૨ તા.૦૪/૦૮/૨૦૨૬ (૪) આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૯૩ થી ૧૧૯૬ તા. ૦૪/૦૮/૨૦૨૬ (૫)આવિ/આશા/NOC/ફા.નં.૩૪૦/૨૦૨૬-૨૭/૧૧૯૭ થી ૧૨૦૦ તા.૦૪/૦૮/૨૦૨૬ (૬) આવિ/આશા/NOC/ ફા.નં.૩૪૦/ ૨૦૨૬ -૨૭ /૧૨૦૧ થી ૧૨૦૪ તા.૦૪/૦૮/૨૦૨૬ થી ના વાંધા પ્રમાણપત્ર આપવામાં આવેલછે, જે અન્વયે ગુજરાતી માધ્યમના વિદ્યાસહાયકો (ધો.૧ થી ૮)/શિક્ષણ સહાયકો(ધો.૯ થી ૧૨)નીજગ્યા પર દિવ્યાંગજનોની ભરતી કરવાની છેઃ

ક્રમ	આશ્રમશાળાનું નામ	ધોરણ	જગ્યાનું નામ	વિષય	રોસ્ટર ક્રમ	ભરવાપાત્ર કેટેગરી	લાયકાત	જગ્યાઓ
૧	પી. એમ. શ્રી. જવાહરઆશ્રમશાળા, નારૂકોટ તા. જાંબુઘોડા જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
		૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો.૧૧ થી ૧૨)	ભૂગોળ	૧		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (HS)	૦૧
૨	શ્રીમોરારજીદેસાઇઆદિવાસીઆશ્રમશાળા, છતરડીવાવ તા. હાલોલ જિ.પંચમહાલ	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	અંગ્રેજી	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી-A) Blind, Low Vision	શિક્ષણવિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 2	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	સામાજિક વિજ્ઞાન	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૩	આદિવાસીઆશ્રમશાળા, શિવરાજપુર તા. હાલોલ જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી–A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૪	શ્રીસોનીપુરઆશ્રમશાળા, સોનીપુર તા. હાલોલ જિ.પંચમહાલ	૧ થી ૫	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	તમામ	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી–A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 1	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગણિત વિજ્ઞાન	૧		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	૦૧
૫	મા. છ. ઠાકોર આદિવાસી આશ્રમશાળા, કરોલી તા. કાલોલ જિ.પંચમહાલ	૬ થી ૮	વિદ્યા સહાયક (ધો.૧ થી ૮)	ગણિત વિજ્ઞાન	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી–A) Blind, Low Vision	શિક્ષણવિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TET 2	૦૧
		૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	સંખ્યાધિક
૬	શ્રી માણેકલાલ મગનલાલ ગાંધી ઉચ્ચતર ઉત્તરબુનિયાદી આશ્રમશાળા, નારુકોટ તા. જાંબુઘોડા જિ.પંચમહાલ	૯ થી ૧૦	શિક્ષણ સહાયક (ધો.૯ થી ૧૦)	ગુજરાતી	ઘટ	દિવ્યાંગજન (કેટેગરી–A) Blind, Low Vision	શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (S)	૦૧
		૧૧ થી ૧૨	શિક્ષણ સહાયક (ધો.૧૧ થી ૧૨)	કૃષિ વિદ્યા	ઘટ		શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ + TAT (HS)	સંખ્યાધિક

શરતોઃ

૧. **લાયકાત** :ઉમેદવારની લાયકાત રાજ્ય સરકારશ્રી/શિક્ષણ વિભાગ દ્વારા વખતો-વખત નિયત કર્યા મુજબની રહેશે. નિયત લાયકાત તરીકે જરૂરી તમામ પરીક્ષાઓ તથા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ સંબંધિત વિષયની TET-૧/૨ / TAT-S/HS પરીક્ષા અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પાસ કરેલ હોવી જોઈશે.
૨. શૈક્ષણિક અને તાલીમી લાયકાત અનુક્રમે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઈશે.
૩. ઉમેદવાર સરકારશ્રીએ ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈએ.
૪. નિયત લાયકાત અંગેના તમામ દસ્તાવેજોની પ્રમાણિત નકલ અરજી સાથે સામેલ રાખવાની રહેશે.
૫. ઉમેદવારે સા.વ.વિ.ના તા.૦૧/૧૨/૨૦૦૮ના પરિપત્રથી નિયત પરિશિષ્ટ-અના નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટત/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ દિવ્યાંગતા અંગેનું જે-તે કેટેગરીના પ્રમાણપત્રની નકલ સામેલ રાખવાની રહેશેતથા સા.વ.વિ.ના તા.૨૯/૦૨/૨૦૨૪ના પરિપત્ર મુજબ દિવ્યાંગતા પ્રમાણપત્ર સબંધે સરકારશ્રીની વખતો-વખતની સૂચના/જોગવાઈ અનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. નિમણુંક પામનાર ઉમેદવારનું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર શંકાસ્પદ જણાશે તેવા સંજોગોમાં સક્ષમ અધિકારી પાસે તેની ખરાઈ કરાવવામાં આવશે અને રજૂ કરેલ પ્રમાણપત્ર ખોટુ જણાશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ્દ કરવામાં આવશે.
૬ દિવ્યાંગ અનામતમાં ફક્ત દિવ્યાંગતાને જ અનામત તરીકે ગણવામાં આવશે. તે સિવાય કોઈ લિંગ (સ્ત્રી/પુરુષ), જાતિ આધારિત (SC/ST/SEBC) કે આર્થિક અનામત (EWS) ને ધ્યાને લેવામાં/પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.
૭ સરકારી કર્મચારી અથવા સરકારશ્રીનું અનુદાન મેળવતા બોર્ડ/કોર્પોરેશન/સંસ્થાના કર્મચારીએ નિમણુંક સત્તાધિકારીનું એન.ઓ.સી.(ના વાંધા પ્રમાણપત્ર) અરજી સાથે સામેલ કરવાનું રહેશે.
૮ જે માર્કશીટમાં CGPA/CPI/Grade દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ યુનિવર્સિટી/કોલેજ પાસેથી કુલ ગુણ, મેળવેલ ગુણ અંગેનું કન્વિર્ઝન કરેલ પ્રમાણપત્ર અરજી સાથે જોડવાનું રહેશે.
૯ અરજીપત્રકમાં ઉમેદવારે પોતાનો મોબાઈલ નં. તથા ઈ-મેઈલ આઈ.ડી. અચૂકપણે દર્શાવવાનો રહેશે.
૧૦ **અરજી કરવા માટેનું સરનામું :પ્રતિ, પ્રમુખશ્રી, પંચમહાલ કળવણી મંડળ, C/o.પી.એમ.શ્રી જવાહર આમશાળા નારૂકોટ, મુ.પો.નારૂકોટ, તા.જાંબુઘોડા –પંચમહાલ પીન–૩૮૯૩૯૦.**
૧૧ ભરતી પ્રક્રિયાના કોઈપણ તબક્કે ઉમેદવાર દ્વારા આપેલ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની તેની અરજી આપોઆપ અમાન્ય(રદ્દ) ગણાશે. નિમણુંક મળ્યા બાદ પણ માહિતી/દસ્તાવેજો ખોટા માલુમ પડશે તો તેઓની નિમણુંક મુળ અસરથી રદ્દ કરી તેઓની સામે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
૧૨ **ભરતી સમિતી :** ભરતી માટે જિલ્લા કક્ષાની પસંદગી સમિતિ આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૬ના ઠરાવથી નિયત કર્યા મુજબની રહેશે.ઈન્ટરવ્યુ દરમિયાન પસંદગી સમિતિએ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી કર્યા બાદ પસંદ થયેલ ઉમેદવારને સબંધિત પ્રાયોજના વહિવટદારશ્રી દ્વારા બહાલી મળ્યેથી સંસ્થા દ્વારા નિમણૂંક આપવામાં આવશે.
૧૩ નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે.
૧૪ **પગારધોરણઃ** સરકારશ્રીની ફિક્સ પગારની નીતિ અનુસાર પાંચ વર્ષ માટે વિદ્યાસહાયકને રૂ.૨૬,૦૦૦/- પ્રતિ માસ, ધો.૯-૧૦ના શિક્ષણસહાયકને રૂ.૪૦,૮૦૦/- પ્રતિ માસ તથા ધો.૧૧-૧૨ના શિક્ષણસહાયકને રૂ.૪૯,૬૦૦/- પ્રતિ માસ ફિક્સ પગારથી નિમણૂંક આપવામાં આવશે. તેઓની સેવા સંતોષકારક જણાયેથી પાંચ વર્ષ બાદ નિયમિત પગાર-ધોરણમાં સમાવવા વિચારણા માટે લેવામાં આવશે. નિયમિત નિમણૂંક મળ્યા બાદ ઉમેદવારને સરકારશ્રીની નવવર્ધિત પેન્શન યોજનાનો લાભ મળવાપાત્ર થશે. સેવા સંતોષકારક ન જણાતા પાંચ વર્ષ પહેલા પણ એક માસની નોટિસથી સેવાનો અંત લાવી શકાશે.
૧૫ **વયમર્યાદા :** અરજી કરવાના આખરી દિવસે ઉમેદવારની વય સરકારશ્રીએ ઠરાવ્યા મુજબની વયમર્યાદામાં હોવી જોઈએ.વયમર્યાદામાં નિયમાનુસાર છૂટછાટ મળી શકશે.
૧૬ નિમણુંક પામતા ઉમેદવારોએ શાળા ખાતે ગૃહમાતા/ગૃહપતિ તરીકેની ફરજો બજાવવાની હોઈ પ્રત્યેક કર્મચારીએ આશ્રમશાળામાં ૨૪ કલાક સ્થળ પર રહેવું ફરજિયાત છે. તેઓને સંસ્થા તરફથી રહેઠાણની સુવિધા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવશે. સ્થળ પર નિવાસ ન કરતા કર્મચારીને શિસ્તભંગ બદલ ફરજમાંથી છૂટા કરવામાં આવશે.
૧૭ આદિજાતિ વિકાસ વિભાગ કે શિક્ષણ વિભાગે વખતો-વખત નિયત કરેલ શિક્ષણઅને શિસ્તવિષયક તથા અન્ય સામાન્ય નિયમોનું કર્મચારીએ પાલન કરવાનું રહેશે.
૧૮ ક્રમ (૧, ૨, ૩, ૫અને૬) પરની આશ્રમશાળામાં દિવ્યાંગ વ્યક્તિની નિમણુંક કરવા માટે સબંધિત સંવર્ગમાં સીધી ભરતીના ફાળાની જગ્યા ઉપલબ્ધ નથી પરંતુ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૦૧/૨૦૨૬નાપત્રની સૂચનાઓ મુજબ કરવાની થતી કાર્યવાહી સબંધે જે સબંધિત દિવ્યાંગની કેટેગરીના ઉમેદવાર ઉપલબ્ધ થાય તો તેઓને નિમણુંક આપતા પહેલા સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા માટે સરકારશ્રી માં દરખાસ્ત કરવામાં આવશે.જે અન્વયે સંખ્યાધિક (Supernumerary) જગ્યા ઉભી કરવા અંગે નાણા વિભાગની મંજૂરી મળ્યા બાદ દિવ્યાંગ ઉમેદવારની નિમણુંકને બહાલી મળ્યા બાદજ જે-તે ઉમેદવારની નિમણુંક કરવાની રહેશે. સદર જાહેરાત નાણા વિભાગની મંજુરીને આધિન રહેશે.

ઉપરોક્ત જાહેરાત અનુસાર લાયકાત ધરાવતા ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે ફોટા (જો વધારાની લાયકાત ધરાવતા હોય તો તે પણ) અરજી સાથે સામેલ રાખી જાહેરાત પ્રસિદ્ધ થયેલથી દિન-૧૫ માં ઉક્ત સરનામે મળી જાય તે રીતે **ફક્ત સ્પીડ પોસ્ટથી** જ અરજી મોકલવાની રહેશે. તે પછીથી મળેલ અરજીઓને ધ્યાને લેવામાં આવશે નહીં. અરજીના કવર પર લાલ પેનથી કઈ આશ્રમશાળા માટે અરજી કરેલ છે, તે દર્શાવવાનું રહેશે.૧(એક) થી વધુ આશ્રમશાળાઓમાં ઉમેદવારી નોંધાવવા માંગતા ઉમેદવારોએ દરેક આશ્રમશાળા માટે અલગ-અલગ કવરમાં અરજી કરવાની રહેશે. ઉમેદવારે અરજીની એક નકલ **પ્રાયોજના વહીવટ દારશ્રીની કચેરી, પંચમહાલ, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન ૨, કલેક્ટર કચેરી કમ્પાઉન્ડ, ગોધરા, જિ.પંચમહાલને પણ મોકલવાની રહેશે.**

પ્રમુખ/મંત્રી
સંસ્થાશ્રી,પંચમહાલ કેળવણી મંડળ,
મુ.સીમલીયા, તા.ઘોઘંબા,જિ.પંચમહાલ.

બૈंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ

પરિશિષ્ટ-૪-એ (જુઓ નિયમ ૬(૨) અને ૮(૬)ની જોગવાઇઓ)

રીજનલ ઓફિસ, બરોડા સિટી રીજીયન-II,
આઠમો માળ, સુરજ પ્લાઝા-I, સયાજીગંજ,
બરોડા - ૩૯૦૦૨૦, ગુજરાત. ફોન : ૦૨૬૫-૨૨૨૬૧૪૬

સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)નિયમો, ૨૦૦૨ના નિયમ ૬(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વંચાતા સિક્યોરીટાઇઝેશન અને રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા જામીનદાર(રો)તથા જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ લેણદારને ગીરો/ચાર્જ કરાયેલ છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોર્ડ લેણદારના અધિકૃત અધિકારીએ લઈ લીધો છે, જેનું નીચે દર્શાવેલ એકાઉન્ટ/ટોની વસુલાત માટે **"જ્યાં છે", "જે છે" અને "જેમ છે" "આશ્રય વિના"**ના ધોરણે વેચાણ કરવામાં આવશે. દેવાદાર/રો/ જામીનદાર/રો/ સિક્યોર્ડ મિલકત/તો/બાકી રકમ/ રીઝર્વ કિંમત / ઈ-હરાજીની તારીખ અને સમય, ઇએમડી અને બીડ વૃદ્ધિની રકમ નીચે મુજબ છે.

ક્રમ નં.	દેવાદાર/રો /જામીનદાર/રો/ ગીરવેદાર/રો ના નામ અને સરનામા અને શાખાનું નામ	જાણમાં હોય, જો કોઈ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની ટૂંકી વિગત	કુલ બાકી રકમ	૧. રીઝર્વ કિંમત ૨. અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઇએમડી) ૩. બીડ વૃદ્ધિની રકમ	ઈ-હરાજીની તારીખ અને સમય	મિલકત નિરીક્ષણની તારીખ અને સમય	સંપર્ક વ્યક્તિ નું નામ
1	**વિકાસ શરદ સોનવાણે (ખાતુ અંકોડીયા શાખા)**	રહેણાંક મિલકત, ફ્લેટ નં. ડી/૩૦૨, હરિવંદન રેસિડેન્સીના ત્રીજા માળે, ૬૦.૪૦ ચો.મી. સુપર બિલ્ટ અપ કન્સ્ટ્રક્શન, સામાન્ય સુવિધાઓ અને સુવિધાઓ સાથે, મોજે ઉંડેરા, બ્લોક નં. ૩૮૮ આશરે ૪૮૫૬ ચો.મી. પૈકી, પૈકી પ્લોટ નં. ૩ થી ૭ આશરે ૮૩૩.૧૪ ચો.મી. પૈકી, જિલ્લો- વડોદરા, પેટા જિલ્લો- વડોદરા. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૧૫,૧૧,૮૮૩.૦૦ + ૦૯/૦૪/૨૦૨૪ થી વ્યાજ	૧. રૂા. ૧૨,૦૦,૪૨૦/- ૨. રૂા. ૧,૨૦,૦૪૨/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી રંજન નિલેષ મો. : ૭૦૦૪૮૨૩૬૪૪
2	**વિઠ્ઠલ મહાદેવ આહિરે (ખાતુ દરબાર ચોકડી શાખા)**	ફ્લેટ નં. ૩૦૨, ટાવર- બીર, ત્રીજો માળ, નટ્રેજ ટાઉનશીપ ભાગ-૧, કસ્બા સયાજીગંજ, વડોદરા- ૩૯૦૦૨૦ બેરિંગ આર.એસ.નં. ૪૪૫/૧ પૈકી ટી.પી. સ્કીમ નં. ૬૬, ફાઇનલ પ્લોટ નં. ૧૩ પૈકી (જૂનો ફાઇનલ પ્લોટ નં. ૧૭/૨), સિટી સર્વે નં. ૬૪૬, મોજે વડોદરાનો ૯૩૯૮.૦૦ ચોરસ મીટર વિસ્તાર કસ્બા - સયાજીગંજ, જિલ્લો- વડોદરા અને પેટા જિલ્લો- વડોદરા. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૧૨,૭૭,૦૩૮.૦૦ + ૧૨/૦૫/૨૦૨૩ થી વ્યાજ	૧. રૂા. ૯,૩૦,૯૩૩/- ૨. રૂા. ૯૩,૦૯૩/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી મીમરોથ રાકેશ કુમાર મો. : ૮૨૦૯૦૬૫૨૮૨
3	**શ્રી વિનોદ કાલીદાસ નાયક અને શ્રીમતી સ્મિતાબેન વિનોદભાઈ નાયક (ખાતુ કોયલી શાખા)**	"ધાર્મિક બંગલો" નું મકાન નં. ૦૫, ૧૪૦.૩૩ ચોરસ મીટર પ્લોટ વિસ્તાર, પ્રમાણસર અવિભાજિત સામાન્ય જમીન વિસ્તાર આશરે ૭૩.૭૩ ચોરસ મીટર, પ્રમાણસર અવિભાજિત જમીન આશરે ૨૩.૭૯ ચોરસ મીટર નલિયા રોડ પર પ્રમાણસર અવિભાજિત જમીન ૧૧.૦૨ ચોરસ મીટર, કુલ આશરે ૨૪૮.૯૫ ચોરસ મીટર, ૧૧૦.૯૫ ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોર બાંધકામ વિસ્તાર, રેવન્યુ સર્વે નં. ૧૦૨૬, બ્લોક નં. ૭૮૪, ગામ સોખડા, તા. અને જિ. વડોદરા, વહીવટી નોંધણી જિલ્લાના વિસ્તારમાં આવેલું છે. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૩૦,૮૯,૧૨૯.૫૯ + ૦૪/૦૯/૨૦૨૫ થી વ્યાજ	૧. રૂા. ૨૮,૭૩,૦૭૦/- ૨. રૂા. ૨,૮૭,૩૦૭/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી યાદવ અમિત કુમાર મો. : ૯૦૪૪૪૫૯૩૨૪
4	**જેઠો સુરેશ પંજાબી (ખાતુ પાદરા શાખા)**	બીજા માળનો ફ્લેટ - મકાન નં. એ-૧૦/૩૭, સંત કંવર કોલોની, હરિ સેવા ગર્લ્સ વિદ્યાલય પાસે, વારસિયા, વડોદરા. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૨૧,૯૦,૫૭૫.૩૭ + ૧૪/૦૭/૨૦૨૧ થી વ્યાજ	૧. રૂા. ૧૭,૦૦,૦૦૦/- ૨. રૂા. ૧,૭૦,૦૦૦/- ૩. રૂા.૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી પ્રવીણ કુમાર મો. : ૯૬૮૭૬૫૫૫૩૯
5	**વાળંદ રોહિતભાઈ (ખાતુ મિયાગામ શાખા)**	પ્લોટ નંબર ૫૧, જેનું પ્લોટ ક્ષેત્રફળ ૬૭.૧૦ ચો.મી. છે, સાથે પ્રમાણસર રસ્તાના વિસ્તારનો ૩૫.૦૭ ચો.મી.નો અવિભાજિત હિસ્સો મળીને કુલ ક્ષેત્રફળ ૧૦૨.૧૭ ચો.મી. થાય છે. આ પ્લોટ "ગ્રીન સિટી" નામની યોજનામાં આવેલો જે બિન-ખેતીલાયક જમીન (જૂના બ્લોક નંબર ૩૪૮; નવા બ્લોક નંબર ૪૪૩, ૪૪૪, ૪૪૫; કુલ ક્ષેત્રફળ ૧૪૦૬૩ ચો.મી.) પર વિકસાવવા આવેલ જમીન મોજે ગામ કપુરાઈ, તાલુકો કરજણ, જિલ્લો વડોદરા (રજિ. સબ-ડિસ્ટ્રિ. કરજણ, વડોદરા) ખાતે આવેલી તેની ચારે બાજુની વિગતો આ મુજબ છેઃ પૂર્વમાં - પ્લોટ નંબર ૫૪, પશ્ચિમમાં - સોસાયટીનો આંતરિક રસ્તો, ઉત્તરમાં - પ્લોટ નંબર ૫૨, દક્ષિણમાં - પ્લોટ નંબર ૫૦. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૧૫,૯૫,૬૧૦.૦૦ + ૧૧/૦૫/૨૦૨૬ થી વ્યાજ	૧. રૂા. ૧૬,૦૦,૦૦૦/- ૨. રૂા. ૧,૬૦,૦૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી દરેકર શ્રીકાંત શ્રીકૃષ્ણ મો. : ૯૬૮૭૬૯૭૨૮૪
6	**રેખાબેન કનુભાઈ માછી (ખાતુ ચોરંડા શાખા)**	વડોદરા જિલ્લાના વડોદરા રજીસ્ટ્રેશન જિલ્લા અને સબ-ડિસ્ટ્રિક્ટ હેઠળ આવતા મૌજે દાંતેશ્વર (વડોદરા) ખાતે આવેલી મિલકત, જે આરએસ નં. ૪૦૧, સીએસ નં. ૮૫૫ પૈકી પ્લોટ નં. એ/૧૭૪ થી ૧૮૧ (કુલ ક્ષેત્રફળ ૧૮૮૬૦ ચોરસ ફૂટ) પર સ્થિત 'હરિસાંઈ શરણમ' ના ટાવર એ માં ચોથા માળે આવેલ ફ્લેટ નં. ૪૦૭ (ક્ષેત્રફળ ૯૦૦ ચોરસ ફૂટ) છે. ચારે બાજુની હદ (ચતુઃસીમાઓ): ઉત્તર - દર્શનમ ગ્રીન બંગલો, દક્ષિણ - ફ્લેટ નં. ૪૦૨, પૂર્વ - લિફ્ટ, પશ્ચિમ - ફ્લેટ નં. ૪૦૮. **(મિલકતની સ્થિતિઃ સાંકેતિક કબજા હેઠળ)**	રૂા. ૧૮,૨૦,૦૮૫.૮૨ + ૧૦/૦૮/૨૦૨૫ થી વ્યાજ	૧. રૂા. ૧૮,૬૫,૦૦૦/- ૨. રૂા. ૧,૮૬,૫૦૦/- ૩. રૂા.૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૦૭.૧૧.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૩૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી કુમાર સરોજ મો. : ૮૨૦૦૫૬૨૮૯૧
7	**તડવી વીનોદભાઈ ચંપકભાઈ (ખાતુ સેગવા શાખા)**	રહેણાંક મકાન, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નંબર ૧૭ અને ૧૮, શ્રીજી રહેઠાણ-૨, સેગવા ચોકડી પાસે, મૌજે ગામ આનંદી, તાલ-સિનોર, વડોદરા **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૨૪,૫૦,૬૮૯.૦૦ + ૦૧/૦૫/૨૦૨૩ થી વ્યાજ	૧. રૂા. ૨૨,૩૮,૮૪૦/- ૨. રૂા. ૨,૨૩,૮૮૪/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી પટેલ મનોજ ભાઈદાસ મો. : ૯૭૧૨૦ ૮૭૬૯૫
8	**સુનીલ લક્ષ્મણભાઈ પ્રજાપતિ (ખાતુ દશરથ શાખા)**	"બાકોર નગર સોસાયટી"માં આવેલ બ્લોક નં. બી/૬૦ નામની સ્થાવર મિલકત, જેનો પ્લોટ વિસ્તાર ૧૦૮.૬૪ ચોરસ મીટર અને ગ્રાઉન્ડ ફ્લોરનો બિલ્ટ-અપ વિસ્તાર ૫૫.૭૯ ચોરસ મીટર છે, તે બિન-ખેતી જમીન ધરાવતી રેવન્યુ સર્વે નંબર ૧૮૪/૫ પૈકી ૧૫૨૭૮ ચોરસ મીટર, મોજે ગામ સાવદ, જિલ્લો વડોદરા-૩૯૦૦૧૯ પર બાંધવામાં આવી છે. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૨૨,૫૦,૫૭૦.૬૪ + ૧૧/૦૫/૨૦૨૩ થી વ્યાજ	૧. રૂા. ૩૨,૪૨,૪૩૦/- ૨. રૂા. ૩,૨૪,૨૪૩/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી વિજય કુમાર મો. : ૯૯૭૮૮ ૨૫૬૫૩
9	**રાકેશકુમાર ગુલાબધર પાંડે (ખાતુ ફર્ટીલાઈઝર નગર શાખા)**	ફ્લેટ નંબર ડીર - ૪૦૩, ટાવર - ડી, વિંગ - ૨, ચોથો માળ, ''નીલકંઠ રેસીડેન્સી'', સામે. ઉમા વિદ્યાલય, તરસાલી, વડોદરા, ગુજરાત. **(મિલકતની સ્થિતિઃ પ્રત્યક્ષ કબજા હેઠળ)**	રૂા. ૩૭,૯૭,૧૬૮.૦૦ + ૦૪/૦૯/૨૦૨૫ થી વ્યાજ	૧. રૂા. ૨૨,૮૩,૩૦૦/- ૨. રૂા. ૨,૨૮,૩૩૦/ ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી કૌશલ કિશોર મો. : ૮૨૮૧૦૫૩૪૨૯
10	**રાણા વિક્રમભાઈ વખતસિંહ (ખાતુ સાવલી શાખા)**	બ્લોક નં. ૧૧૧, ગજાનના, સિકોતર માતા મંદિર પાછળ, આજવા-વડોદરા રોડ, ગામ કુમેઠા, તા. વાઘોડીયા, જીલ્લો વડોદરા-૩૯૧૭૬૦ **(મિલકતની પૂર્ણ થઈ નથી અને પ્રત્યક્ષ કબજા હેઠળ છે)**	રૂા. ૮૫,૮૮,૬૪૩.૦૦ + ૧૦.૦૪.૨૦૨૫ થી વ્યાજ	૧. રૂા. ૩૪,૪૦,૦૦૦/- ૨. રૂા. ૩,૪૪,૦૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મિનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી મિશ્રા ચંદન કુમાર મો. : ૮૦૦૨૬૯૬૫૪૬
11	**સુનિલકુમાર રમેશભાઈ પટેલ (ખાતુ ડીબી ડભોઈ શાખા)**	એચ નં. ૨૮૯ વિસ્તાર ૧૪૭૦ ચોરસ ફૂટ, વાડજ તા. ડભોઇ વડોદરા ખાતે આવેલું. **(મિલકતની સ્થિતિઃ સાંકેતિક કબજા હેઠળ)**	રૂા. ૯,૨૦,૯૦૧.૪૩ + ૩૧.૦૩.૨૦૨૧ થી વ્યાજ	૧. રૂા. ૧૮,૬૫,૦૦૦/- ૨. રૂા. ૧,૮૬,૫૦૦/- ૩. રૂા. ૧૦,૦૦૦/- (પ્રત્યેક ૧૦ મનિટના અમર્યાદિત વધારા સહિત)	૨૮.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી	૨૧.૧૦.૨૦૨૬ બપોરે ૦૨.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી	શ્રી શ્રીવાસ્તવા સુદીપ મો. : ૯૭૨૧૬૮૧૦૭૩

વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને વેબસાઇટ લિંક **https://bankofbaroda.bank.in/e-auction** અને ઓનલાઇન હરાજી પોર્ટલ **https://Baanknet.com.** ની મુલાકાત લો/મુલાકાત લો. સંભવિત બોલી લગાવનારાઓ શાખા વ્યવસ્થાપક/અધિકૃત અધિકારી /**ઓક્શન સેન્ટર વડોદરા (ડીલિંગ ઓફિસરઃ શ્રી વિપિન કુમાર જૈન મોબઃ ૬૩૫૭૦ ૧૪૦૦૫)** નો સંપર્ક કરી શકે છે. **(જંગમ/સ્થાવર મિલકતોના વેચાણ પર સરકારી કાયદા પ્રમાણે લાગુ પડતું જીએસટી/ટીડીએસ ખરીદનારે ચૂકવવા પાત્ર છે.)**

તારીખ : ૦૫.૧૦.૨૦૨૬, સ્થળ : વડોદરા — નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા